તા. ૦૭.૦૩.૨૦૨૫, પાના નં. ૦૨
દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ),

# સચિવાલય સુધીનો મેટ્રો રૂટ પ્રાયોરિટીમાં તૈયાર થશે

## ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી પૂર્ણ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં બીજા તબક્કાના મેટ્રો પ્રોજેક્ટની કામગીરી ઝડપભેર આગળ વધારવામાં આવી રહી છે અને સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીનો સમગ્ર રૂટ ડિસેમ્બર 2025 સુધીમાં તૈયાર કરી દેવાની જાહેરાત સરકાર દ્વારા બજેટમાં કરવામાં આવી છે. પરંતુ સેક્ટર-1થી સચિવાલય મેટ્રો સ્ટેશન સુધીનો રૂટ પ્રાયોરિટીમાં તૈયાર કરવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

સૂત્રો મુજબ સેક્ટર-1થી સચિવાલય મેટ્રો સ્ટેશન સુધીના રૂટમાં ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. અને વીજ પુરવઠો ચાલું કરીને ટેસ્ટિંગ પણ કરવામાં આવનાર છે. આ રૂટમાં આવતા મેટ્રો સ્ટેશન તૈયાર કરવાનું કામ પણ ઝડપભેર હાથ ધરવામાં આવ્યું છે. સંભવિત બેથી ત્રણ મહિનામાં આ રૂટ તૈયાર થઈ જાય અને સેફ્ટિ ઈન્સ્પેક્શન પણ પૂર્ણ કરી દેવાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે.

હાલ સેક્ટર-1 અને ગિફ્ટ સિટિ સુધી મેટ્રો રેલની સેવાઓ ચાલી રહી છે અને તેને મોટી સંખ્યામાં પેસન્જરો મળી રહ્યા છે. પરંતુ અમદાવાદથી દરરોજ અપડાઉન કરતા સચિવાલયના કર્મચારીઓને મેટ્રો રેલ સેવાનો લાભ ઝડપથી મળી શકે તે માટે સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી સચિવાલય મેટ્રો સ્ટેશન સુધીનો રૂટ પ્રાયોરિટીમાં તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના કારણે ટ્રાફિકમાં લોકોને રાહત મળશે.